# શેઠ સી. એમ. શાળામાં વિદાય સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૨૮

શેઠ સી એમ શાળાના ધોરણ-૧૨ અને ૧૦ના ૭૫૦ વિદ્યાર્થીઓને દિક્ષાન્ત સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સર્વ વિદ્યાર્થીઓને વૈદિક મંત્રોચ્ચાર સાથેત કુમકુમ તિલક કરી, પુષ્પ અર્પણ કરીને સાકરથી મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ શાળા સાથેનાં પોતાનાં સંસ્મરણો તાજાં કર્યા હતાં. આચાર્ય ડૉ. ચેતના બુચ દ્વારા દિક્ષાન્ત પ્રવચન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રતિભાવો અને ગીતો પણ રજૂ કર્યાં હતાં. બી એ પટેલ, મુકેશ પટેલ, ડી એન પટેલે કાર્યક્રમને સંપન્ન કરવા માટે જહેમત ઉઠાવી હતી.

# લીટલ કોઈન્સ પ્રિસ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી



કુડાસણ ખાતે કાર્યરત લીટલ કોઈન્સ પ્રિસ્કૂલનો વાર્ષિકોત્સવ ‘નન્હી સી ઉડાન’ તાજેતરમાં ટાઉનહૉલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. અઢીથી ચાર વર્ષનાં બાળકોએ દેશના સૈનિકોનો વેશ ધરીને રાયફલ સાથે પરેડ, સરહદના બંકરો, દુશ્મનો પર હુમલાની ખુમારી બતાવી દેશભક્તિનો માહોલ સર્જ્યો હતો. આ ઉપરાંત વિવિધ ડાન્સ પ્રસ્તુત કરી તેમણે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ વાર્ષિકોત્સવને લાન્સનાયક નિરવ શર્માએ સરહદ પરથી ઓડિયો મેસેજ દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

## પક્ષીઓ માટે પાણીની પરબોનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૮

કલોલ સ્થિત પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટે દર વર્ષની જેમ આ વર્ષે પણ પાણીના કુંડાનું મફત વિતરણ કર્યુ હતુ. સંસ્થાએ ખુની બંગલા ખાતે ૧૫૦૦ પાણીના કુંડાઓનું મફત વિતરણ કર્યું હતું. જીવદયા પ્રેમીઓના જબરજસ્ત ઘસારા વચ્ચે ફક્ત બે જ કલાકમાં બધાજ કુંડાઓનું વિતરણ થઈ ગયુ હતુ. આ વખતે કાળઝાળ ગરમીના એંધાણ છે ત્યારે સંસ્થાએ કલોલ ઉપરાં કાસ્વા, ઉમિયા માતાના મંદિર ઉંઝા, બહુચરમાતાના મંદિર બહુચરાજી તેમજ ગાંધીનગર ખાતે પણ પાણીના કુંડાઓનું વિતરણ કરાશે. ઉંઝા અને બહુચરાજી ખાતે પુનમના દિવસે વિતરણ કરવામાં આવશે એમ સંસ્થાના પ્રમુખ એહમદ પઠાને જણાવ્યુ હતું.

## શ્રીમતી આર એન પટેલ સ્કૂલમાં ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે પૂ. દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલોત્સવમાં વિજેતા વિદ્યાર્થીઓને નવાજવા માટે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિમાં વિજેતા વિદ્યાર્થીઓને પણ આ સમારોહ અંતર્ગત ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

રમતોત્સવ અને વિવિધ સ્પર્ધાઓમાં વિજયી બનેલા ૨૧૪ વિદ્યાર્થીઓને ઈનામો, પ્રમાણપત્રો આચાર્ય દશરથભાઈ પટેલ, સુપરવાઈઝર અશોકભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

## જન્મદિને વધામણી



સી.એલ. મહેતા (કારોબારી સભ્ય) (GCF) મો. ૯૦૧૬૩ ૨૮૦૨૨



સેજલ આદિત્ય દવે
મો. ૯૦૩૩૨ ૬૩૯૮૨



જશુભાઈ સી પટેલ
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫




ભલજીભાઈ એમ સોલંકી
મો. ૯૪૨૯૨ ૦૬૭૬૮



કાંતિલાલ બાબુલાલ શ્રીમાળી
મો. ૯૮૨૪૬ ૯૦૩૦૯

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો





ગાંધીનગર, તા. ૨૮

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ દ્વારા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની ખ્યાતનામ રેસ્ટોરન્ટ ‘દ્દપભોગ’ ખાતે શિક્ષકો, આચાર્ય અને મેનેજમેન્ટની ઉપસ્થિતિમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થનાથી શરૂ થયેલી કાર્યક્રમમાં શાળાના ઉત્તમ વિદ્યાર્થીઓને ઍવોર્ડ અને ઈનામ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આચાર્ય જ્યોતિબેન ભાવસારે વિદાય લેતાં વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી, સારા પરિણામ માટેનાં સૂચનો તથા સારા માણસ બનવા માટેનું ઉત્તમ માર્ગદર્શન આપ્યું હતું.

ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યાએ આગામી પરીક્ષામાં સારું પરિણામ મળે અને જીવન સંઘર્ષમાં ટકવાની ક્ષમતા કેળવાય એ માટે શીખ આપી શુભેચ્છા પાઠવી હતી. ટ્રસ્ટી ડૉ. પ્રદીપભાઈ ગગલાણીએ જીવનના માર્ગને સરળ અને સફળ બનાવવા એડજસ્ટમેન્ટ અનિવાર્ય છે એવી શીખ આપી આશીર્વચન પાઠવ્યાં હતાં. વિદ્યાર્થિની હર્ષિતા બાલાની અને વિદ્યાર્થી સુમિત યાદવે શાળા જીવનનાં સંસ્મરણો વાગોળીને શિક્ષકો, સંચાલકો, શાળા પરિવાર પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી. તુષારકુમારે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ‘પદ્દભોગ’નાં માલિક હિનાબેન ગગલાણીએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા હેતુ આશીર્વાદ પાઠવ્યા હતા.



શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટના ઈન્સ્ટીટ્યુટ ઈન્ડસ્ટ્રી ઈન્ટરેક્શન સેલ અને ઓટો ડેસ્ક કંપનીના સંયુક્ત ઉપક્રમે ફ્યુઝન ૩૬૦° ક્લાઉડ બેઝ ૩ડી મોડલિંગ વિષય પર ત્રણ દિવસ માટે ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જીટીયુ સંલગ્ન અમદાવાદ, ગાંધીનગરની ૧૦થી વધુ કૉલેજના મિકેનીકલ ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ૩૬૦° ૩ડી મોડલીંગ સોફ્ટવેરની તાલીમ ઓટો ડેસ્ક કંપનીના નિષ્ણાત એવી પુજારી અને બટ્ટી ફીરીપુર દ્વારા આપવામાં આવી હતી. સંસ્થાના ડિરેક્ટર ધર્મેશ વંડરા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૩૬૦° એ પ્રથમ ક્લાઉડ બેઝ્ડ ૩ડી મોડલીંગ અને એડવાન્સ ડિઝાઈનીંગ સોફ્ટવેર છે, જેની તાલીમ મેળવ્યા બાદ વિદ્યાર્થી આ ફિલ્ડમાં ખૂબ આગળ વધી શકે છે.

# શરીર અને સ્વાસ્થ્ય

કોચરબ અમદાવાદની પાસેનું નાનકડું ગામડું છે. અને આશ્રમનું સ્થાન એ ગામમાં હતું. કોચરબમાં મરકીએ દેખાવ દીધો. બાળકોને હું તે વસ્તીની મધ્યે સુરક્ષિત નહોતો રાખી શકતો. સ્વચ્છતાના નિયમો ગમે તેટલા સાવધાનીથી પાળાતાં છતાં, આસપાસની અસ્વચ્છતાથી આશ્રમને અલિપ્ત રાખવું અસંભવિત હતું. કોચરબના લોકોની પાસે સ્વચ્છતાના નિયમોનું પાલન કરાવવાની અથવા તેમની આવે સમયે સેવા કરવાની અમારી શક્તિ નહોતી. અમારો આદર્શ તો એ હતો કે, આશ્રમ શહેર અથવા ગામથી અલગ રાખવું, છતાં એટલું દૂર નહીં કે ત્યાં પહોંચતા બહુ મુશ્કેલી પડે. કોઈક દિવસ તો આશ્રમ આશ્રયરૂપે શોભે તે પહેલાં તેને પોતાની જમીન પર ને ખુલ્લી જગ્યામાં સ્થિર થવાનું હતું જ.





મરકીને મેં કોચરબ છોડવાની નોટિસરૂપે ગણી. શ્રી પૂંજાભાઈ હીરાચંદ આશ્રમની સાથે ઘણો નિકટનો સંબંધ રાખતા, ને આશ્રમની ઝીણીમોટી સેવા શુદ્ધ, નિરભિમાન ભાવે કરતા. તેમને અમદાવાદના વહીવટનો બહોળો અનુભવ હતો. તેમણે આશ્રમને સારુ જોઈતી જમીન તરત શોધી લાવવાનું બીડું ઝડપ્યું. કોચરબની ઉત્તર દક્ષિણનો ભાગ હું તેમની સાથે ફર્યો. પછી ઉત્તર તરફ ત્રણ ચાર માઈલ દૂર ટૂકડો મળે તો શોધી લાવવાનું મેં તેમને સૂચવ્યું. હાલ જ્યાં આશ્રમ છે તે જમીન તેઓ શોધી લાવ્યા. તે જેલની નજદીક છે એ મારે સારુ ખાસ પ્રલોભન હતું. સત્યાગ્રહ આશ્રમવાસીને કપાળે જેલ તો લખી જ હોય એવી માન્યતા હોવાથી જેલનો પડોશ ગમ્યો. એટલું તો હું જાણતો હતો કે, હંમેશાં જેલનું સ્થાન જ્યાં આસપાસ સ્વચ્છ જગ્યા હોય તેવે ઠેકાણે શોધવામાં આવે છે.

આઠેક દિવસમાં જ જમીનનો સોદો કર્યો. જમીન ઉપર એકે મકાન નહોતું; એક પણ ઝાડ નહોતું. નદીનો કિનારો અને એકાંત તેને સારુ મોટી ભલામણ હતી. અમે તંબૂમાં રહેવાનો નિશ્ચય કર્યો. રસોડાને સારુ એક પતરાનું કામચલાઉ છાપરું બાંધવાનું ને ધીમે ધીમે સ્થાયી મકાન બાંધવાનો આરંભ કરવાનું ધાર્યું.

આ વખતે આશ્રમની વસ્તી વધી હતી. આશરે ચાળીસ નાનાં મોટાં સ્ત્રીપુરુષો હતાં. બધાં એક જ રસોડે જમતાં હતાં એટલી સગવડ હતી. યોજનાની કલ્પના મારી હતી. અમલનો બોજો ઉપાડનાર તો શિરસ્તા મુજબ સ્વ. મગનલાલ જ હતા.

સ્થાયી મકાન બન્યા પહેલાંની અગવડોનો પાર નહોતો. વરસાદની મોસમ માથે હતી. સામાન બધો ચાર માઈલ દૂરથી શહેરમાંથી લાવવાનો હતો. આ અવાવરુ જમીનમાં સર્પાદિ તો હતા જ. તેવામાં બાળકોને સાચવવાનું જોખમ જેવું તેવું નહોતું. રિવાજ સર્પાદિને ન મારવાનો હતો, પણ તેના ભયથી મુક્ત તો અમારામાંથી કોઈ જ નહોતાં, આજેયે નથી.

હિંસક જીવોને ન મારવાના નિયમનું યથાશક્તિ પાલન ફિનિક્સ, ટૉલ્સ્ટૉય ફાર્મ અને સાબરમતી ત્રણે જગ્યાએ કર્યું છે. ત્રણે જગ્યાએ અવાવરુ જમીનમાં વસવાટ કરવો પડ્યો છે. ત્રણે જગ્યાએ સર્પાદિનો ઉપદ્રવ સારો ગણાય. એમ છતાં હજુ લગી એક પણ જાન ખોવી નથી પડી, તેમાં મારા જેવા શ્રદ્ધાળુ તો ઈશ્વરનો હાથ, તેની કૃપા જ જુએ છે. ઈશ્વર પક્ષપાત ન કરે, મનુષ્યના રોજના કામમાં હાથ ઘાલવા તે નવરો નથી બેઠો, એવી નિરર્થક શંકા કોઈ ન કરે. આ વસ્તુને, અનુભવે બીજી ભાષામાં મૂકતાં મને આવડતું નથી. લૌકિક ભાષામાં ઈશ્વરની કૃતિને મૂકતા છતાં હું જાણું છું કે તેનું ‘કાર્ય‘ અવર્ણનીય છે. પણ જો પામર મનુષ્ય વર્ણન કરે તો તેની પાસે તો પોતાની તોતલી બોલી જ હોય. સામાન્ય રીતે સર્પાદિને ન મારતા છતાં સમાજે પચીસ વર્ષ લગી બચ્યાં રહેવું, તેને અકસ્માત માનવાને બદલે ઈશ્વરકૃપા માનવી એ વહેમ હોય તો તે વહેમ પણ સંઘરવા લાયક છે. જ્યારે મજૂરોની હડતાળ પડી ત્યારે અશ્રમનો પાયો ચણાઈ રહ્યો હતો. આશ્રમની પ્રધાન પ્રવૃત્તિ વણાટકામ હતું. કાંતવાની તો હજી શોધ જ નહોતી કરી શક્યા. તેથી વણાટશાળા પહેલી બાંધવી એવો નિશ્ચય હતો. એટલે તેનો પાયો ચણાઈ રહ્યો હતો.



ગાંધીજી લિખિત ‘આરોગ્યની ચાવી’માંથી સાભાર

# વાયબ્રન્ટ ડિજીટલ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો







સૅક્ટર-૨૬ ખાતે સ્થિત વાયબ્રન્ટ ડિજીટલ પ્રિસ્કૂલનો પાંચમો વાર્ષિકોત્સવ ડૉ. આંબેડકર હૉલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. સફેદ-વાદળી ફુગ્ગા સાથે શણગારેલા સ્ટેજ પર સ્કૂલના ટ્રસ્ટી હેતલ મહેતા, સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત અને અગ્રણી બિલ્ડર જગત કારાણીના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. નર્સરી, જુનિયર અને સિનિયર કેજીનાં બાળકોએ અલગ અલગ ગીતો પર સુંદર ડાન્સની પ્રસ્તુતિ કરી હતી. ભુલકાઓને શિક્ષક મોમિતા મોંડલ, સુપ્રિયા અને ચંદ્રકાન્તા દ્વારા નૃત્યની તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન જયોત મહેતા, વૈષ્ણવી મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓમાં અગ્રીમ રહેનારાં બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

# અંબાપુર ગામે બાપુનું સપનું સાકાર કરવા નીકળેલા યુવાનો





ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ અંબાપુર ગામમાં બ્લુ ગ્રીન ઈનિશિએટિવ પ્રોજેક્ટ અંતર્ગત વાવો રિવોલ્યુશન અને નીડ બોક્સ ફાઉન્ડેશન દ્વારા ઘર દીઠ બે કચરાપેટી વિતરણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ કચરાપેટીઓ માટે જૈન મિત્ર મુંબઈ (શૈલેન્દ્ર ધીયા) દ્વારા આર્થિક સહાય આપવામાં આવી હતી. કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ગામમાં ઘર દીઠ લીલી અને વાદળી એમ બે કચરાટોપલીનું વિતરણ કર્યુ હતું. કચરાટોપલીને ક્રમ આપવામાં આવ્યા છે જેની નોંધણી રોજે રોજ સ્વચ્છતાનું કાર્ય કરતા કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે, જેથી કચરો નિયમિત રીતે ગામમાંથી નિકાલ થતો રહે. આ સાથે સાથે ભીના અને સુકા કચરા વિશેની સમજ તથા એને અલગ અલગ કેમ રાખવો એની માહિતી પણ આપવામાં આવી હતી. આમ સૂકા કચરાને રિસાઈકલ કરવામાં આવશે અને ભીના કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ ઘરે ઘરે જઈને ગંદકીથી થતા નુકસાન અને એની પર્યાવરણ તથા પશુઓ પર થતી અસર, પશુઓનું જતન તથા ભીના કચરો જેવો કે બગડેલા શાકભાજી, એંઠવાડ એમનો ખોરાક તરીકે ઉપયોગ ન કરવો તે વિશે ગામના લોકોને સમજણ પૂરી પાડી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કડી સર્વવિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા ગામના સહકર્મચારીઓ, યુવા મિત્રો, ગામના સરપંચ, જૈન મિત્ર, નીડ બોક્સ ફાઉન્ડેશન, રિસાઈકલ ગ્રીન, વાવો રિવોલ્યુશનના યુવાનોએ સહકાર આપ્યો હતો.